[illegible]

[illegible]

શાન્તિલાલ [illegible]

[illegible]

[illegible] પ્રકાશન.

[illegible]

મહેસાણા. (ઉ. ગુ.)



પ્રાપ્તિ સ્થાનો :–

(૧) ડૉ. યુ. પી. દેઢિયા.
M. B. B. S.
નવાપુરા, અંજાર. (કચ્છ.)



(૨) જેઠાલાલ ચુનીલાલ વીરવાળા
૩૫૫, કાલબાદેવી રોડ.
મુંબઈ–૨



(૩) 'દિવ્યદર્શન' કાર્યાલય,
કાળુશીની પોળ. અમદાવાદ.



(૪) મુંબઇ – અમદાવાદના બુકસેલરો.

● મૂલ્ય : ૧ રૂપિયો. પ્રત : ૨૦[illegible]

વિ. સં. ૨૦૨૬, આસો.

પ્રથમ આવૃત્તિ

મુદ્રક : ચંપકલાલ મગનલાલ પરેલ

મુદ્રણાલય : અંબિકા આર્ટ પ્રિન્ટરી, દિગળાચાચર, પાટણ (ઉ.

પધર્મનાં અજવાળાં



સંપાદકો :

મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી

મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી



સંપાદકીય :

આ એક જ્ઞાનયોગી તપસ્વીની મહાન તપશ્ચર્યાની પૂર્ણાહુતિનો મહોત્સવ છે. એ મહોત્સવને કલકત્તાનો શ્રી જૈન સંઘ ૧૭૧ છોડનું ઉજમણું....અઠ્ઠાઇ મહોત્સવ....વગેરે જિનેન્દ્રભક્તિથી ઉજવી રહ્યો છે; ગુરુભક્ત શ્રાવકો પોતાની સંપત્તિ સન્માર્ગે ખર્ચી ઉજવી રહ્યા છે....ત્યાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીની નિશ્રામાં રહેલા શ્રમણ-ભગવંતો તપશ્ચર્યા, સેવા-ભક્તિ અને શાસન પ્રભાવનામાં સહાયક બનીને ઉજવી રહ્યા છે....

દૂર....રહેલા અમે આ એક પુસ્તકનું સંકલન-સંપાદન કરી મહોત્સવ ઉજવવાની બાલચેષ્ટા કરી રહ્યા છે।

મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજીએ લેખો ભેગા કર્યા.... વ્યવસ્થિત કર્યા....અને પછી બધું મને મોકલી આપ્યું! સમય ખૂબ ટૂંકો....પ્રેસ નાનું....અને કામ સમય મર્યાદામાં પુરૂં કરવાનું! વળી બીજી પણ કેટલીક સમસ્યાઓ! એટલે કેટલાક લેખો ટૂંકાવવા પડયા છે અને કેટલાક લેખોને પુસ્તકમાં સ્થાન આપી શકાયું નથી.! માટે જેમણે લાગણી-પૂર્વક લેખ મોકલ્યા છે તેમની ક્ષમા ચાહુ છું.

પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ગુણાનુરાગી બનેલા એવા અનેક મુનિવરો અને સદ્‌ગૃહસ્થોએ પૂજ્ય ગુરુદેવની ગુણગાથા ગાઇ છે....એને પ્રકાશિત પણ કરત....પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રીએ અમારા પર 'સ્ટે-ઓર્ડર' મૂકી દીધો અને એ ગૌરવપૂર્ણ ગુણગાથા અમે પ્રકાશિત ન કરી શકયા....છતાંય કાયદાભંગના ગુનામાં ન આવી જઈએ, એટલી સાવધાનીથી કેટલાક લેખો લીધા છે.....!

પ્રકાશકીય :

અમને આ પુસ્તક પ્રકાશિત કરતાં ઘણો જ આનંદ થાય છે....આ પ્રકાશનનો લાભ અમને અણધાર્યો જ મળ્યો! એ કૃપા છે પૂજ્ય મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજની.

પૂજ્યપાદ તપોનિધિ ગુરુદેવશ્રી ભાનુવિજયજી ગણિવરે શ્રી વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળીની મહાન તપશ્ચર્યા પૂર્ણ કરી, એ મંગલમય પૂર્ણાહુતિના પ્રસંગ તપશ્ચર્યા અને તપસ્વી ગુરુદેવશ્રીને શ્રદ્ધાંજલિ રૂપ આ પુસ્તિકા પ્રકાશિત કરતા અમે ગૌરવ અનુભવીએ છીએ.


આ પુસ્તિકાના પ્રકાશનમાં આર્થિક સહયોગ અમને પૂજ્ય મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. સા પૂ. મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મ. સાહેબ અને પૂજ્ય મુનિરાજ શ્રી પદ્મસેન વિજયજી મ. સા. આદિની પ્રેરણાથી તેમજ બીજા જે સદ્ગૃહસ્થો તરફથી પ્રાપ્ત થયો છે, અમે તે સહુના આભારી છીએ.

ખુબ ઉતાવળમાં આ પુસ્તકનું મુદ્રણ કાર્ય થયું છે એટલે જે કંઈ ત્રુટી દેખાય તેની ક્ષમા કરશો. અંતે તપોનિધિ પૂજ્ય ગુરુદેવશ્રીને કોટિ કોટિ વંદન કરી કૃતાર્થ થઈએ છીએ.

મહેસાણા. ૧-૧૦-૭૦

શાંતિલાલ દોશી.
જયકુમાર પરીખ.

શું વાંચશો ?





વિભાગ–૨



વિભાગ–૩


આ મહાન તપસ્વી અમારા ગુરુદેવ છે માટે અમે એમના ગુણ ગાઇએ છીએ' એમ માની લેવાની જરૂર નથી. જે જે જીવો એ મહાપુરુષના સંપર્કમાં આવ્યા છે, જેમણે જેમણે તેઓશ્રીનાં વૈરાગ્યપૂર્ણ પ્રવચન સાંભળ્યા છે અને જેઓએ તેઓશ્રીના રસપૂર્ણ સાહિત્યનું અવગાહન કર્યું છે તેઓને પૂછી જુઓ કે પૂજ્ય ગુરુદેવશ્રીનું વ્યક્તિત્વ કેવું ભવ્ય અને ઉન્નત છે। તેઓનો આત્મવિકાસ કેવો તીવ્રગતિમાં છે। તેઓનું સંયમજીવન કેવું નિર્દોષ અને કઠોર છે।

જો થોડો વધુ સમય મળ્યો હોત તો પુસ્તકને વધુ સુંદર અને આકર્ષક બનાવી શકાત, તે છતાં બનતા પ્રયત્ને પુસ્તક સુંદર બનાવવા પ્રયત્ન કર્યો છે. તપ અને તપસ્વી પ્રત્યે શ્રદ્ધા, બહુમાન અને આદરભાવ પ્રગટે અને એથી આત્મભાવ નિર્મળ બને એજ શુભ આશયથી આ સંપાદન કર્યું છે. તેમાં અમારી કોઈ ત્રુટી હોય તો ક્ષમાયાચના કરી વિરમું છું.

મહેસાણા. તા. ૧-૧૦-૭૦ ભદ્રગુપ્તવિજય



તપધર્મનાં
અજવાળાં



સિદ્ધાન્તમહોદધિ શાસનશિરતાજ
સ્વ. પરમપૂજ્ય આચાર્યભગવંતશ્રી
વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ



પ્રભાવકપ્રવચનકાર ન્યાયવિશારદ
તપોનિધિ પૂજ્ય પંન્યાસપ્રવર
ભાનુવિજયજી ગણિવર

આથી સમજી શકાશે કે જેઓ દુનિયાની નામનાઓ માટે તપકર્મની આચરણા કરે છે અને તેને ધર્મરૂપ કરણીય કોટિમાં માનવાની ધૃષ્ટતા આદરે છે, તેઓ ખરે જ પોતાની જાતને ઠગવા સાથે, અજ્ઞાન આત્માઓને પણ ઠગે છે અને સંસારમાં ચિરકાલ સુધી પરિભ્રમણ કરવાનું પાપકર્મ ઉપાર્જે છે. આથી કલ્યાણના અર્થી આત્માઓએ સમ્યક્તપની આચરણા કરવામાં બીજા હેતુઓનો ત્યાગ કરી એક કર્મક્ષયના હેતુને જ લક્ષ્યમાં રાખવો જોઇએ, કે જેના યોગે અનાદિથી મલિન એવો આત્મા નિર્મલ થાય અને પોતાના સ્વરૂપને પામી સદાને માટે અનંતસુખનો ભોક્તા થાય.

તપથી સંયમ દીપે :– સંયમને દીપાવનાર સંયમને અજવાળનાર, સંયમને ખીલવનાર અને આત્મ-શક્તિઓનો વિકાસ સાધવામાં સહાયભૂત થનાર કોઈ હોય તો એ તપ છે. સંયમ જેવું સંયમ પણ તપ વિના દીપતું નથી.

તપ, એતો સંયમનું નાક છે. ગમે તેટલા અલંકાર હોય પણ નાક વિનાનું મ્હોઢું જેમ બુખું લાગે છે, તેમ તપ વિનાનું સંયમ ઝાંખુ પડી જાય છે. તપ વિના સંયમ દેખાય જ નહિ. તપ વિના તો આકૃતિ ને કપડાં જ દેખાય.

સંયમ એટલે જ તપ :– સંયમ તપોમય હોય છે. પણ અહીં અલગ પાડવાનું કારણ એ છે કે તપ સંયમને દીપાવનાર છે. જેમ સમ્યક્ ચારિત્રમાં, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ દર્શનનો સમાવેશ થઈ જાય છે. અને સમ્યગ્ જ્ઞાનમાં જેમ સમ્યગ્ દર્શનનો સમાવેશ થઇ જાય છે. છતાં તેને અલગ પાડવામાં આવ્યાં તેમ ચારિત્ર તપોમય છે. ચારિત્રમાં

૧. તપપદ :

[વિ. સં. ૧૯૯૦, અમદાવાદ જૈન વિદ્યાશાળામાં પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ આપેલું મનનીય પ્રવચન]

સમ્યક્ચારિત્રને દિપ્તિમાન્ કરવા માટે સમ્યક્તપ એ અતિશય આવશ્યક વસ્તુ છે : ભગવાન્ શ્રી ગૌતમસ્વામિજી મહારાજા, તેની આચરણા કરવાનો ઉપદેશ આપતાં ફરમાવે છે કે :–

" घणकम्मतमोभर – हरणभाणुभूयं दुवालसंगधरं ।
नवरमकसायतावं, चरेह सम्मं तवोकम्मं ॥ १७ ॥

' હે ભવ્ય જીવો ! ' જ્ઞાનાવરણીય ' આદિ જે ગાઢ કર્મોરૂપ અંધકારનો સમૂહ, તેનું હરણ કરવામાં સૂર્યસમાન અને લોકમાં જેમ સૂર્ય બાર મનાય છે, તેમ શ્રી જિનેશ્વરદેવના શાસનમાં બાર ભેદને ધરનાર એવું જે તપકર્મ, તેને તમે સમ્યક્ પ્રકારે આચરો પણ એના આચરણમાં એક વિશેષતા રાખવી જોઈએ. અને તે એજ કે સૂર્યના જેવી સંપૂર્ણ ઉપમાને પામનારો એવો પણ તપ, કષાયરૂપ તાપથી રહિતપણે સેવો. અર્થાત સૂર્ય ભલે તાપકારક હો પણ આ તપરૂપ સૂર્ય કષાયરૂપ તાપથી રહિત જ હોવો જોઈએ. '

વિચારો કે શ્રી જિનેશ્વરદેવના શાસનમાં તપની પણ આચરણા શા માટે કરવાની છે ? શ્રી જિનેશ્વરદેવના શાસનમાં તપની આચરણા, કોઈ દુનિયાની સાહ્યબીને વશ કરવા માટે કે કોઈ દુશ્મનને મહાત કરવા માટે કરવાની નથી, પણ કેવળજ્ઞાનાવરણીય આદિ આઠે કર્મોના નાશ માટે જ કરવાની છે અને તે એક પ્રકારે નથી, પણ બાર બાર પ્રકારે છે.

વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાઉસગ્ગ રોજ ચાલુ જ હોય. આ બધું ન હોય ત્યાં સંયમ હોય, એ કેમ બને? સંયમનું પ્રકાશક, સંયમને દીપાવનાર એ તપ છે. માટે જ એની પ્રધાનતા દર્શાવવા ચારિત્ર પદથી તપપદને અલગ પાડ્યું છે.

પારણાની ચિંતા ન હોય :- આજે તપઃક્રિયા ચાલુ છે, પણ તપોવૃત્તિ લગભગ નષ્ટપ્રાયઃ થઈ ગઈ હોય એમ બારીકાઈથી તપાસતાં લાગે છે. અનશનમાં પણ અનશનવૃત્તિ ઘટી ગઈ હોય એમ લાગે છે. ઉપવાસના દહાડે પણ બીજા દિવસના પારણાની ચિંતા-વૃત્તિ, કોઈપણ જાતિના ભય વિના ચાલુ હોય, એ શું કહેવાય? અનશન તપ કરે અને એથી આનંદ થાય, એવા કેટલા? એવી વૃત્તિવાળા પુણ્યાત્માઓ બહુ ઓછા છે. આજે તો ઉપવાસ કરે અને સવારથી એનું મોઢું એવું થઈ જાય કે ઉપવાસ જણાઈ આવે. ખરું જોતાં તો પ્રસન્નતા આવવી જોઈએ. બીજા દિવસે નવકારશી આવે ત્યારે મ્હોં મલકાય, આથી જ એ ઉપવાસ, એ ક્રિયા દીપે નહીં. બધી ક્રિયાને દીપાવનાર તપોવૃત્તિ છે. જ્યારે આજે તો ઘણામાં તપ લગભગ તપોવૃત્તિથી શૂન્ય બન્યો છે; પણ ધ્યાન રાખજો કે આથી એવા અભ્યાસરૂપ તપને છોડવાનો નથી, પણ એ તપને ચાલુ રાખી, સાથે સાથે એ તપોવૃત્તિ કેળવવાની ખાસ જરૂર છે.

તપોવૃત્તિની જરૂર :- આ તો આયંબીલ કરશે પણ ઢીલા થઈને બેસશે. તપોવૃત્તિ હોય તો પણ ઢીલાસ ન આવે એમ નહીં પરંતુ એમની સાથે ઉમંગ-ઉલ્લાસ એવો હોય કે ઢીલાસ દબાઈ જાય, આયંબીલમાં શું નથી

તપનો સમાવેશ થઈ જાય છે. પરંતુ વિશેષ સમજાવવા માટે અલગ પાડવામાં આવ્યું છે.

તપ વિના સંયમ ન હોય –: તપને તમે સંયમથી અલગ પાડી દો, ૬ પ્રકારે બાહ્ય અને ૬ પ્રકારે આભ્યંતર તપ લઈ લો અને પછી સાધુ-સાધ્વીને જુઓ, તો તમને એ કેવાં લાગે? તપ વિના સંયમ શોભતું નથી, દીપતું નથી, પણ ઝાંખું પડી જાય છે. સંયમનાં સત્તર પ્રકાર પણ તપથી આરાધાય છે. તપ વિનાનો સંયમી એ સંયમી નથી પરંતુ વેષધારી છે, એમ કહેવું પડે. તપ યથાશક્તિ હોય એની ના નથી, પણ જેટલી શક્તિ હોય તેટલું તો હોવું જ જોઈએ અને ન હોય તો લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. શાસન અલંકાર સમા મુનિઓ તપને વેગળું મૂકે, સ્વાધ્યાયાદિને દૂર રાખે અને ગપ્પા માર્યા કરે, તો એમનું સંયમ એમને અને બીજાને કઈ રીતે હિતકર નિવડે?

તપપદને અલગ કેમ પાડ્યું...? આજે આ તપનું કેટલું ઠેકાણું છે? માત્ર ઉપવાસ એ અનશન નથી. ઉપવાસ થાય તો વાહ, પણ એ સંયમસાધક શરીરને નિભાવવા પૂરતો આહાર આપવા સિવાય તો અનશન હોય ને? ખાઈને પેટે હાથ ફેરવવો પડે, અકળામણ થાય, એ શાથી? ઉણોદરી ન હોય માટે? ઉણોદરી તપ કરે એનામાં તો સ્ફૂર્તિ હોય વૃત્તિ સંક્ષેપ આપોઆપ જણાઈ આવે: પણ ક્યારે? માત્ર સંયમ સાધનામાં સહાયક શરીરને નિભાવવા આહાર લેવો પડે એમ થાય તો. પછી તો રસત્યાગ થાય, કાયક્લેશ પણ થાય અને અંગોપાંગની સંલીનતાએ થાય. પ્રયોજન વિના શરીરને હલાવે ચલાવે નહીં. ઉત્કટ ભાવને જેણે વળી પ્રાયશ્ચિત, વિનય,

તપની પૂર્તિ : તપ, એ એક એવી વસ્તુ છે કે જેના વિના ચારિત્રી પણ પોતાનું કલ્યાણ સાધી શકે નહીં તપ એ તો એના ચારિત્રનો શણગાર છે. આથી જ શ્રીધન્ના અણગાર, શ્રી શાલિભદ્ર અને બીજા રાજા-મહારાજાઓએ દીક્ષા લીધા બાદ તપોમય જીવન બનાવ્યું હતું. ઊંચા અભિગ્રહો ધારણ કર્યા હતાં તે જ ભવમાં મુક્તિમાં જવાના નિશ્ચિત આત્માઓએ પણ ઉત્કટ તપ કર્યું છે. શું એ ઓછા કોમળ હતાં? પૂર્વે એમણે કેવી ભોગ સામગ્રી ભોગવી હતી? અને આપણને કાંઈ કરવાનું નહીં? એમ? એમના કરતા આપણે ચઢીયાતા ખરાને?

—સંપૂર્ણ



આવતું? અનશન આવે, ઉણોદરી આવે, રસત્યાગ આવે, વૃત્તિ સંક્ષેપ આવે કાય-ક્લેશ પણ થાય અને અંગોપાંગની સંલીનતા ય આવે, પણ આવા તપમાં જોઈએ તેવો આનંદ ક્યારે આવે? તપનું ધ્યેય હાથમાં ન હોય તો આનંદ ન આવે. આ તો શ્રાવકોની વાત છે પણ એમને શું કહેવું? કારણકે આજે સંયમધરોમાં પણ કેટલેક ઠેકાણે તપનું પુરું ઠેકાણું ક્યાં છે? સંયમને દીપાવનાર તપ હોવા છતાં, તપોવૃત્તિ તરફ ઇરાદાપૂર્વક દુર્લક્ષ્ય કરનારા સંયમધર તમને શું સુધારે? શ્રાવકને ક્યાં સુધી કહેવાય? પહેલાં પોતે તપોવૃત્તિ કેળવવી જોઈએ. ૬ પ્રકારના બાહ્ય અને ૬ પ્રકારના આભ્યંતર તપને યથાશક્તિ આરાધવો જોઈએ, યથાશક્તિ તપમાં રક્ત રહેવું જોઈએ, પછી કહેવાય તો તેમની જુદી જ અસર થાય.

તપપ્રભાવે કષાયજય :- મીઠા વિનાનું ભોજન જેમ મોળું લાગે છે, તેમ તપ વિનાનું સંયમ મોળું થઈ જાય છે. અરે, મીઠા વિનાનું ભોજન તો મોળું-મોળું પણ ખવાય છે, પણ તપ વિના તો સંયમ ટકે જ નહીં. આજે જે સંયમનું થોડું-ઘણું પણ દર્શન થાય છે, તે થોડું-ઘણું તપ રહ્યું છે, માટે, તપ ગયું એટલે સંયમ ગયું સમજો. આ બારે પ્રકારના તપની સંકલના એવી છે કે, એક એકથી ચઢે. સર્વથા અનશન ન બની શકે તો થોડું અનશન કરે. પરંતુ આહાર લેવાના સમયે અનશન રાખે; આહારમાં પણ ઉણોદરી રાખે. વૃત્તિનો સંક્ષેપ કરે, તેટલી ચીજોનો ત્યાગ કરે. આહાર કરીને પણ કાયાને આરામ ન આપે પણ કાયક્લેશ થાય એમ કરે. અને અંગોપાંગની સંલીનતા તો સ્વાભાવિક હોય. આમ

ક્રમશઃ એક આયંબિલ, બે આયંબિલ એ પ્રમાણે સો સુધી વધતા ક્રમે કરાય છે. આ વર્ધમાન તપમાં ખૂબી તો એ છે કે ઓળી પુરી કરીને એના પારણામાં ઉપવાસ કરાય છે. આથી આખાં વર્ધમાન તપમાં પાંચહજાર અને પચાસ આયંબિલ સાથે સો ઉપવાસ થાય છે. જેમાં કુલ સમય ૧૪ વર્ષ ૩ મહિના અને ૨૦ દિવસનો થાય છે. આ તપ કર્યાના શાસ્ત્રોમાં નોંધાયેલા ઉદાહરણો ઉપરથી જણાય છે કે આ તપને વર્ધમાન તપ કહેવામાં આવ્યો છે, એટલે પણ સમજી શકાય છે કે આ તપની આરાધના વધતા જતા તપે જ કરવી જોઇએ અને એથી જ જેમ દરેક ઓળીમાં એક એક આયંબીલ વધતું જાય છે, તેમ પારણાના દિવસે પણ આયબિલથી અધિક અનશનવાળો ઉપવાસનો તપ નિયત કરવામાં આવ્યો છે. આથી આવા તપનો મહિમા ઘણો જ મોટો હોય એમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. મોક્ષના આશયથી અને આરાધનાના બીજા પ્રકારો સહિત આ તપના આચરનારને માટે કશું જ દુર્લભ ન હોય એ સ્વાભાવિક છે. આ તપ સંસારમાં ચાલતા અનેકવિધ આરંભ-સમારંભથી જીવને બચાવી લે છે. એનું કારણ એ છે કે, આ તપનો જેણે આરંભ કર્યો તેને આયંબિલમાં ઉપયોગી બની શકે એવા આહાર-પાણી સિવાયના સર્વ પ્રકારના આહાર-પાણી સાથેનો સબંધ પ્રાયઃ રહેતો નથી. એટલે એ આત્મા એના દ્વારા થતા પાપથી ઉગરી જાય છે. ઉપરાંત તપ એ આત્માના સ્વભાવનો અનુભવ કરાવવા દ્વારા આત્માના સ્વભાવને સંપૂર્ણ-પણે પ્રગટાવનાર છે. અણાહારીપણું એ આત્માનો સ્વભાવ છે.

સંસારમાં જીવ વધુમાં વધુ બે કે ત્રણ સમય સુધી જ અનાહાર અવસ્થાને ભોગવી શકે છે, પણ તે ય એક જ

૨. શ્રી જૈનશાસન અને વર્ધમાન તપ

લેખક :
સ્વ. પરમ તપસ્વી
પૂ. પં. કાન્તિવિજયજી ગણિવર

શ્રી પૂર્વધર પરમર્ષિ શ્રી ઉમાસ્વાતિજી વાચકવરે 'तपसा निर्जरा च' કહીને જણાવ્યું છે, એટલે સંવર અને નિર્જરા માટે તપ અતિશય આવશ્યક છે. શ્રી જિનશાસનમાં તપ, બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારે જણાવીને તેના ૬-૬ પ્રકારો જણાવેલા છે. આ બારે પ્રકારના તપમાંથી કોઈ ને કોઈ પ્રકાર ન હોય તો જીવ પોતાનું વાસ્તવિક કોટિનું કલ્યાણ સાધી શકતો જ નથી, બીજી તરફ ક્ષપકશ્રેણી માંડવામાં અને અંતે સિદ્ધિગતિને પામવા સુધીમાં પણ તપ પ્રધાનતા ભોગવે છે.

તપના બાર પ્રકારોમાં પહેલો અનશન નામનો જે પ્રકાર છે. તેને અનેક પ્રકારે આચરી શકાય છે શ્રી વર્ધમાન તપ એ પણ અનશનનો જ એક પ્રકાર છે અને અનશનના પ્રકારોમાં શ્રી વર્ધમાન તપનો મહિમા ઘણો જ મોટો જણાવેલો છે, આ વાત વિચારવામાં આવે તો બુદ્ધિગમ્ય બને તેવી છે. આયંબિલ એટલે એક દિવસમાં માત્ર એક જ વાર આહાર કરવાનો. એ આહારમાં પણ છએ વિગઈનો અને ફૂટાદિનો ત્યાગ, એટલે અપેક્ષાએ રસત્યાગ તો તેમાં આવી જ ગયો. રસત્યાગ આવતા સાથે વૃત્તિસંક્ષેપ પણ આવી જાય. કારણ કે રસવાળી વસ્તુઓ તો એમાં લેવાની જ નથી. અને રસહીન વસ્તુઓ પ્રાયઃ જરૂર કરતાં વધુ પડતી વાપરી શકાતી નથી. એટલે ઉણોદરી તપનો લાભ પણ સહેલાઈથી લઈ શકાય છે. આ ઉપરાંત આ તપમાં કાય-ક્લેશતપ અને સંલીનતાતપનો લાભ થવાને પણ અવકાશ છે.

શ્રી વર્ધમાનતપ આખા પ્રકારના આયંબિલ તપથી જ થઈ શકે છે. એની ૧૦૦ (સો) ઓળી કરવાની હોય છે. એ

કેટલો સ્થિર રહીને તો નહિ જ. કારણ કે તે વિગ્રહગતિમાં જ સંભવિત બને છે. જ્યારે સિદ્ધાત્મા સદાકાળને માટે સુસ્થિરપણે અનાહાર અવસ્થાને ભોગવે છે. આથી તપ દ્વારા થતો અનાહારનો અભ્યાસ એ જીવના સદાકાળ રહેનારા અનાહારસ્વરૂપ સ્વભાવનો અભ્યાસ છે. ઉપરાંત જીવના અશરીરિ સ્વભાવના પ્રગટીકરણનું પણ એ પરમ કારણ છે, કારણ કે સાચો તપ શરીર પ્રત્યેની મૂર્છા ઉપર ઘા પડ્યા વગર આચરી શકાતો જ નથી. તપ કરવા છતાં પણ જેને પોતાના શરીર ઉપરની મૂર્છા ઉપર ઘા પડતો નથી તેણે પોતાના તપમાં કઈ ખામી રહેલી છે તે શોધવા પ્રયત્ન કરવો જ જોઈએ. તપ એ ઇચ્છાનિરોધના સ્વરૂપવાળો છે અને એથી જ સાચા તપસ્વી મહાત્માઓ સંકલ્પ-વિકલ્પથી રહિત અને પ્રશમરસથી પૂર્ણ એવી દશામાં મહાલતા હોય છે એટલે તપનું ફળ પામવાની ઇચ્છાવાળાઓ પોતાના આત્માને જેમ બને તેમ સંકલ્પ-વિકલ્પથી પર બનાવવાનો અને પ્રશમરસમાં ઝીલતા કરવાનો અભ્યાસ કર્યો કરવો જોઈએ. જો આ દૃષ્ટિબિન્દુ હોય તો તપ શરૂથી જ જીવને આત્મિક આનંદનો અનુભવ કરાવનારો બને. એટલે તપમાં વર્તમાનકાલે ગેરલાભ છે, અને ભવિષ્યકાળે જ લાભ છે એવું નથી જ. સાચો તપ આત્માને સદાય સુખ આપનારો છે.

એમાં કોઈવાર તથાવિધ કર્મોદયના યોગે જીવને સહન કરવું પડે એ બને, પણ જો સહન કરવાની શક્તિ હોય અને સાચો તપનો ભાવ સજીવ હોય તો એ અવસ્થા જીવને બહુ નિર્જરાનું કારણ બને છે. તપ જીવની સહનશક્તિને અને સત્ત્વને ખીલવનારો પણ છે, તપસ્વી જન જેટલી સહેલાઈથી પરિષહોને અને ઉપસર્ગોને સમાધિપૂર્વક સહન

કરી શકે છે, તેટલી સહેલાઇથી બીજાઓ ભાગ્યે જ પરિસહોને અને ઉપસર્ગોને સહન કરી શકે છે. એટલે આત્માનો જે અનંત વીર્યરૂપી ગુણ છે તેને પ્રગટાવનારા કારણો પૈકી તપ એ પણ એક મોટું કારણ છે. તપ કરવાના લાભો તો ઘણાં છે પણ તપ નહિ કરવાના ગેરલાભો પણ ઘણાં છે. તપ નહિ કરવાથી થતા ગેરલાભો જો એકવાર લક્ષમાં આવી જાય તો પણ તપ કરવાનો ઉત્સાહ પ્રગટે એ સંભવિત છે. **શ્રી આરાધના પતાકા** નામના ગ્રંથમાં **શ્રી વીરભદ્ર** ગણિવરે ફરમાવ્યું છે કે 'હે જીવ! તું **વીર્યને ગોપવ્યા વિના અભ્યંતર અને બાહ્ય તપ કર. કારણ કે તપશ્ચરણમાં વીર્યને ગોપવવાથી વીર્યાંતરાય કર્મ બંધાય છે.** વળી જે જીવ છતી શક્તિએ પણ સુખશીલયો બની જઇને આળસુ બની જઇ, અને શરીરને વિષે મુર્છાવાળો બની જઈ તપને આચરતો નથી તે જીવ માયા-કપટને આચરે છે. કારણ કે એ પોતે તપ નથી કરવો એમ નથી કહેતો, તેમજ પોતાના સુખશીલયાપણાને, આળસુપણાને અને શરીર ઉપરની મુર્છાને પ્રગટ કરતો નથી, પણ જાણે પોતાને તપ કરવો હોય અને શકિત નથી એવો ડોળ કરે છે આથી તે જીવ માયાજનિત કર્મ બાંધે છે. ઉપરાંત સુખશીલીયો બનેલો તે જીવ તીવ્ર એવા અશાતા વેદનીય કર્મને પણ બાંધે છે. પોતાની આળસને કારણે તે મૂઢમતિ જીવ ચારિત્ર મોહનીય કર્મને પણ બાંધે છે અને શરીર ઉપરની મૂર્છા એ પરિગ્રહ છે તેથી પરિગ્રહજનિત કર્મ પણ બંધાય છે.'

આ ઉપરથી આપણે એ વાત પણ સમજી શકીએ છીએ કે, તપ એ જીવના સુખશીલીયાપણાને ટાળનારો છે, આળસને ખંખેરી નાખનારો છે અને દેહ ઉપરની મુર્છાને

કાપનારો છે. વધુમાં તપ કરનારા જીવ, ઉપર જણાવેલા માયાદોષથી પણ બચી શકે છે. ગુણપ્રાપ્તિની દૃષ્ટિએ વિચારીએ તો તપ વીર્યાંતરાય કર્મને તોડનારો છે, વળી તે તપથી શાતાવેદનીય કર્મ જ બંધાય છે. કેટલીક વાર તો એવું પણ બને છે કે – અશાતા વેદનીય કર્મ જ શાતા વેદનીય કર્મના રૂપમાં પરિવર્તન પામી જાય છે. તપ એ ચારિત્ર મોહનીય કર્મને તોડવાનું પણ સાધન છે આ રીતે તપ નહિ કરવાથી થતા નુકશાનોને અને તપ કરવાથી થતા લાભોને વિચારીને કલ્યાણકામી જીવોએ તપને વિષે આદરવાળા બનવું એ ખૂબ જ જરૂરી છે. જે કોઈ જીવો મોક્ષના અર્થી બનીને અને ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા પરમતારક મોક્ષ માર્ગને વિષે જ શ્રદ્ધાળુ બનીને વિધિપૂર્વક તપને આચરે છે તેઓ ટૂંકા કાળમાં મોક્ષને પામ્યા વિના રહેતા જ નથી.

—સંપૂર્ણ



૩. શ્રી વર્ધમાન તપનો અપૂર્વ અનુભવ.

લેખક:
ગચ્છનાયકશ્રી પૂ. પં.
શ્રી ભાનુવિજયજી ગણિવર

વર્ધમાન તપ નામજ કેટલું પ્રેરક છે:- જેમ વર્ધમાન લક્ષ્મી, વર્ધમાન સત્તા ઠકુરાઈ, વર્ધમાન બળ વગેરે શબ્દો જગતની આંખો ચમકાવે છે, એમ 'વર્ધમાન તપ' શબ્દ આત્માર્થીનાં નેત્રને વિકસિત કરે છે, હૃદયને પ્રફુલ્લિત કરે છે. આત્માને ઉદ્યોતિત કરે છે.

વર્ધમાન તપ એટલે આગળને આગળ વધતો **કમાઈ-વર્ધમાન!** એટલે દા.ત. આ મહિનામાં પાચ હજાર કમાયા, બીજે મહિને સાત હજાર, ત્રીજે મહિને દસ હજાર, એમ કમાઈ વધતી ચાલે તે. **વૈભવ વર્ધમાન** એટલે વ્યાજમાંથી વૈભવ વધતો હતો, તેમાં નવા વેપારથી વધુ વૈભવ વધવા માંડયો, ફોઈ-માશીનો વારસો મળવાથી વૈભવ વધ્યો, ખોદતાં ધનની કમાઈથી વૈભવ વધ્યો, આમ વધતોજ ચાલ્યો તે વર્ધમાન. માણસને આવી વસ્તુનું શ્રવણ પણ ચમકાવી દે છે તો પ્રાપ્તિમાં તો પૂછવું જ શું?

વર્ધમાન વૈભવ વિનશ્વર છે, વિનાશક છે....... પરંતુ અફસોસ એટલો જ કે એ બધું વિનશ્વર છે! એક દિ' ઉડી જવાનું છે! પાછું પૂર્વની પુણ્યમૂડી સાફ કરનારૂં છે! અને આરંભ-સમારંભ, રાગદ્વેષ વગેરે દ્વારા અઢળક પાપ આત્મામાં ભરી દેનારૂં છે, વળી આ વર્ધમાન વૈભવાદિમાં જીવને અશાંતિ અજંપો વધે છે! ચિંતા અને ભય વધે છે. આ બધાનો અર્થ એ કે વર્ધમાન વૈભવાદિથી વર્તમાનમાં વર્ધમાન દુઃખ! પૂર્વના સુકૃતની વર્ધમાન બરબાદી! અને ભાવીકાલ માટે વર્ધમાન પાપસંચય. કહો તો વધતી કમાઈ વધતો વૈભવ, વધતી કીર્તિ વગેરેમાંથી શો સાર કાઢવાનો? ત્રણેય કાળના વર્ધમાન અનિષ્ટ જ ને!

કાપનારો છે. વધુમાં તપ કરનારા જીવ, ઉપર જણાવેલા આધાદોષથી પણ બચી શકે છે. શુભપ્રાપ્તિની દ્રષ્ટિએ વિચારીએ તો તપ વીર્યાંતરાય કર્મને તોડનારો છે, વળી તે તપથી શાતાવેદનીય કર્મ જ બંધાય છે. કેટલીક વાર તો એવું પણ બને છે કે – અશાતા વેદનીય કર્મ જ શાતા વેદનીય કર્મના રૂપમાં પરિવર્તન પામી જાય છે. તપ એ ચારિત્ર મોહનીય કર્મને તોડવાનું પણ સાધન છે આ રીતે તપ નહિ કરવાથી થતા નુકશાનોને અને તપ કરવાથી થતા લાભોને વિચારીને કલ્યાણકામી જીવોએ તપને વિષે આદરવાળા બનવું એ ખૂબ જ જરૂરી છે. જે કોઈ જીવો મોક્ષના અર્થી બનીને અને ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા પરમતારક મોક્ષ માર્ગને વિષે જ શ્રદ્ધાળુ બનીને વિધિપૂર્વક તપને આચરે છે તેઓ ટૂંક કાળમાં મોક્ષને પામ્યા વિના રહેતા જ નથી.

—સંપૂર્ણ



ઓળી લાગટ કરવાની હોય. પછીની ઓળી છુટી છુટી કરી શકાય છે. અર્થાત પાંચનું પારણું થઇ ગયા પછી ગમે ત્યારે છઠ્ઠી ઓળી કરી શકાય, પછી ગમે ત્યારે આઠમી. એમ ક્રમશઃ સો સુધી ચઢવું જોઇએ.

વર્ધમાન તપથી સત્વ કેમ ખીલે? વર્ધમાન આયંબિલતપ એ અલૌકિક તપ છે. એનાથી આત્માનું અનેરું સત્વ ખીલે છે.

પ્ર૦ એથી સત્વ કેમ ખીલે?

ઉ૦ આત્મામાં ધીખતી ષડરસ અને ખાઉં ખાઉંની વૃત્તિઓને માર્ગ ન આપવામાં અને એનો સામનો કરવામાં મહાન સત્વ જોઈએ. વર્ધમાન તપથી એ શક્ય બને છે. તેથી સત્વ ખીલે છે. કામરાગની વાસનાઓ મોળી પાડવામાં પણ સત્વ જોઈએ, વર્ધમાન તપથી એ સધાય છે, તેથી સત્વ ખીલે છે એમ કહી શકાય. ક્રોધાદિ કષાયોનો નિગ્રહ કરવામાં સત્વ જોઈએ. વર્ધમાન તપથી એ સત્વ વિકસે છે. આવા ખીલેલ સત્વથી આત્મા ઉપરની ઉદાત્ત શુભ ભાવનાઓ અને મહાન ધર્મ પુરુષાર્થને સુંદર વેગ મળે છે.

વર્ધમાનતપ અવિનાશી છે, પાપનાશક છે... ત્યારે આની સામે જુઓ કે ત્રિલોકનાથ શ્રી અરિહંત પરમાત્માએ કેવો સુંદર, કેવો અનુપમ વર્ધમાન તપ બતાવ્યો છે! જો કે એ દયાળુ પ્રભુએ બીજા અનેકાનેક તપો ફરમાવ્યા છે, જે મહાકલ્યાણ સાધી આપે છે; પણ વર્ધમાન તપની બલિહારી ઓર છે, કેમકે એ તપમાં ઝટ ઉપશમનો અનુભવ થાય છે, અને તપના હિસાબે પાપ ખપે અને પુણ્ય વધે છે એ સ્પષ્ટ છે. વર્ધમાનતપ એ અવિનાશી સુધી કહી શકાય, એ તપથી આત્માનું મહાન્ ઓજસ વધે છે; આબાદી વધે છે. વળી તપનું ફળ જે ઇન્દ્રિયજય છે, કષાય-નિગ્રહ છે, ઇચ્છા નિરોધ અને શુભ ભાવનાની વૃદ્ધિ વગેરે છે, બધુંય મહામંગલમય વર્ધમાન આયંબિલ તપથી સારું સધાય છે. કહો કે વર્ધમાન આયંબિલ તપ અનંત લાભનો પ્રેરક છે. માટે જ આ કલિકાલમાં પણ વર્ધમાન તપ એ ચમત્કારિક તપ છે, અદ્ભુત તપ છે.

વર્ધમાન તપમાં શું કરવાનું? વર્ધમાન તપ આમ તો ચોવીશ ભગવાનના વધતા ઉપવાસ, અર્થાત્ પહેલા ભગવાનનો એક ઉપવાસ, બીજા ભગવાનના લાગલાગટ બે ઉપવાસ, એમ ચોવીસમા ભગવાનના ચોવીસ લાગટ ઉપવાસ આમ પણ કરી શકાય, પણ વર્ધમાન તપ એ ખાસ વધતા જતા આયંબિલની ઓળીઓ માટે પ્રચલિત છે. એમાં આ ઓળી કરવાની રીત છે પહેલી ઓળી એક આયંબિલ ઉપર એક ઉપવાસની, બીજી લાગટ બે આયંબિલ ઉપર એક ઉપવાસની, પચાસમી ઓળી લાગટ પચાસ આયંબિલ ઉપર એક ઉપવાસની, યાવત્ ૧૦૦મી ઓળી લાગટ ૧૦૦ આયંબિલ ઉપર એક ઉપવાસથી કરવાની. આમાં પહેલી પાંચ

કાળ તપની અને નીરસ પોષણની સંજ્ઞા ટકી રહે છે, જ્યારે બીજા તપમાં તો મનને રાહત રહે છે કે,– ચાલો કાલે-પરમ દિ' પારણું જ છે, અમુક રસ, અમુક દ્રવ્ય લઈશું, સતત એકાશનમાં પણ રસકસની હુંફ રહે છે, ત્યારે વર્ધમાન આયંબિલ તપમાં તો તેમાંનું કાંઈ જ રહેતું નથી. કેવળ નિરસ ભોજન હોવાથી આહારસંબંધી વિચાર ઘટી જાય છે. રસકસ સંબંધી વિચારોને તો તેમાં સ્થાન જ નથી. એટલે આત્મા તેટલા કર્મના સંબંધમાં આવતો નથી. પૂર્વ કર્મ નિર્જરતું જાય છે,' અને અલ્પકાળમાં જીવ સિદ્ધિગતિને વરે છે.

મહાપુરુષનાં સ્મરણ :- વર્ધમાન તપની બલિહારી છે. ઠીકઠીક ઓળીઓ જ્યાં એની ચાલી રહી હોય છે, ત્યાં અંતર નજર સામે **ધન્ના અણગાર** જેવા મહાન તપસ્વીઓ ઉપસ્થિત થાય છે, એમની મહાવૈભવને લાતે મારી કરાયેલી અપૂર્વ તપ-સંયમની સાધનાઓ તરફ વારે વારે મસ્તક ઝૂકી રહે છે, શ્રી **નંદનઋષિ** અને **વીરપ્રભુના** [illegible] તપનો ખ્યાલ વારંવાર આવી શકે છે. મનને એમ થાય કે અહો! એમણે જીવન કેવું ધન્ય બનાવ્યું? માનવી [illegible] કંઈ ન બન્યું તોય છેવટે આટલી વર્ધમાન તપની [illegible] મળ્યો! જીવનમાં બીજું શું [illegible] છે? વર્ધમાન આયંબિલ તપની આરાધના [illegible] કેવી છે. આયંબિલ કર્યા અને આરાધના [illegible] !!

વર્ધમાન આયંબિલ તપ [illegible] છે. જીવની [illegible]

ચીકું ખાવાના કેટલા પાપમાં કાળા કર્મ ઉપાર્જ્યાં હોત! જ્ઞાનીઓએ પકવાન્ન વગેરેના કાળીયે કાળીયે થતી ગૃદ્ધિમાં કેટ-કેટલાં ચીકણાં પાપ બંધાતા હોવાનું ફરમાવ્યું છે?

વર્ધમાન તપમાં આગળ વધવાની ધગશ :- ત્યારે એ પણ એક મહાન લાભ છે કે, વર્ધમાન તપમાં થાકવાને બદલે આગળ આગળ વધવાની ધગશ રહે છે. અઠ્ઠાઈ જેવો તપ એકવાર કર્યા પછી વારેવારે કરવાનું કે વધારવાનું મન થાય એવા કેટલા? વર્ધમાન તપમાં સહેજે થાય છે કે 'લાવો છપ્પનમી ઓળી પુરી થઈ, હવે સત્તાવનમી સાથે જ કરી લઈએ! અથવા જુઓ પંચાગ, પછી ક્યારથી શરૂ કરીએ તો મેળ બેસે છે? કેમ જાણે ધનની જેમ આ એક મુડી છે; ને તે વધાર્યે જવાનો હર્ષ રહે છે!

તપની જીવંતવૃત્તિ : ત્યારે જીવનમાં આહાર અને મોહક રસોની વૃત્તિ ચાલુ રહે, એ તો અનાદિની સંજ્ઞાનું પોષણ છે. એ આહાર-વિષયની સંજ્ઞામાં જ જીવ સંસાર પરિભ્રમણ કરી રહેલ છે. એમાં જ જીવ પોતાના આત્મા, પરમાત્મા અને ધર્મને ભૂલી કાયા, કુટુંબ અને કંચનની લપમાં પડ્યો છે. એવી સંજ્ઞાને કાબૂમાં લાવનાર કોણ? તપની વૃત્તિ અને તપ એજ! વર્ધમાન તપ એક એવું સાધન છે કે, જે તપની વૃત્તિને જીવંત રાખે છે. કેમકે વર્ધમાન તપના સેવનમાં ઉપર જોયું તેમ એક ઓળી પછી આગળનું કયું. ત્યાં પણ મનને થયા કરે છે કે, 'હવે નવી ઓળી ક્યારથી લઉં?' આ વૃત્તિ કમ નથી, કેમકે એમાં તો તપની ભાવના લાગી રહે છે.

રસસંજ્ઞાનો હ્રાસ :- ચોથું એ પણ છે કે, આ તપની ઓળીના દિવસો લાંબા ચાલે છે, તેથી એટલો લાંબો

અને ખખડાઇને તાવ આવ્યો; એવો કે ઓળી મૂકી દઇને દવામાં પડવાનું મન થાય. એનું એક કારણ એ પણ હતું કે, – મનને એમ થાય કે 'આમ ઢીલાશમાં લખવા-વાંચવાની પ્રવૃત્તિ શી રીતે ચાલે? આયંબિલમાં કાંઈ વારેવારે દવા-અનુપાન તો લઈ શકાય નહિં.' પરંતુ બીજી બાજુ એમ થયું કે, – ધર્મશાસ્ત્ર નવા તાવે લંઘન (ઉપવાસ) કરવાનું કહે છે, અને આયુર્વેદ પણ "अभिनवोदीर्णे ज्वरे भोजनं विषम्" કહે છે તેથી ચાલુ ઓળી પડતી મુકવાને બદલે એમાં આંબેલના સ્થાને ઉપવાસ કરવાનું ઠીક લાગ્યું. એમાં વળી ત્યાંના જાણકાર વૈદે કહ્યું કે, – એવું થાય તો બહુ સારું. તે એક ઉપવાસ, બાજે ઉપવાસ અને મોંની હજી કડવાશ જોતાં ત્રીજો ઉપવાસ પણ સાથે ખેંચી લેવાયો. હવે છેલ્લું આંબેલ બાકી હતું, તેમાં થોડું પ્રવાહી ભાત જેવું અને નરમ દાળ લઈ આંબેલ કરીને ઉપર ઓળીનો છેલ્લો ઉપવાસ કરી લેવાયો. તેમાં તાવ એવો ભાગી ગયો કે પછી ચાર દિવસ પારણાં કરી ઉપર નવી ઓળી સુખપૂર્વક શરૂ કરી શકાઈ; અને મનનો ઉલ્લાસ વધતો ચાલ્યો. આયંબિલની ઓળીથી તાવો તો શું, પણ મોટા દમ જેવા રોગ, અજીર્ણ, અપચન, વગેરે અનેકાનેક રોગો મટી જાય છે.

સ્વાભાવિક પરિવર્તનનું દૃષ્ટાંત :– પણ આ તો જડ દેહની વાત થઈ. જો કે એ આરોગ્ય પણ આરાધનામાં સારું પ્રેરક છે, છતાં તે ઉપરાંત વર્ધમાન આયંબિલ તપ મનને અપૂર્વ શાન્તિ, સમાધિ અને ઉદાત્ત વૈરાગ્યભાવનાનું બળ આપે છે. આજે પૂ પં. રાજવિજયજી ગણિવર જે નિખિલ વર્તમાન શ્રમણસંઘમાં પ્રાયઃ એકલાજ આટલી ૪૦ વર્ષ જેવી નાની ઉમરમાં સો ઓળી પૂરી કરી પુનઃ પાયો

જોઈએ તો એની આત્માના આખાંને આખો નકશો પલટાઈ જાય છે. ત્યાં સાથે સ્વાદ કુદરતી સંયોગ છૂટતા નહિ હોય ત્યાં સુધી એનો એક ભારી બળાપો અને છુટવાની તીવ્ર તમન્ના રહે છે. વળી શારીરિક કેવા કેવા રોગો મટી જઈ અદ્ભુત આરોગ્ય પ્રાપ્ત થાય છે એ જુદું. હમણાં એક કેમિકલ અખતરો કરવામાં આવ્યો : પાણીના ગ્લાસમાં લુખી રોટલી મૂકવામાં આવી, અને બીજા પાણીના ગ્લાસમાં ઘી લચોલચ ચોપડેલી રોટલી મૂકવામાં આવી, પરિણામ એ દેખાયું કે, થોડી જ વારમાં લુખ્ખી રોટલી પાણી સાથે એકમેક થઈ ગઈ; અને ચોપડી રોટલી પાણી સાથે કેટલીય વાર સુધી મળી જ નહિ. આ સૂચવે છે કે લુખ્ખો આહાર ઠેઠ મુખની અમીથી માંડી હોજરીના રસો સુધીમાં જલદી સારી રીતે એકમેક (Assimilate) થઈ જાય છે, અને પોષણ આપે છે. ત્યારે વિગઈઓના આહાર પચાવવા ભારે પડે છે, એટલું જ નહિ પણ આજની ડૉક્ટરી ટ્રીટમેન્ટમાં દેખાય છે કે-એક બાજુ તો શરીરમાં અપચન-હોજરીની મંદતા-શરદી-તાવ વગેરે થયું હોય અને એમાંને બીજી બાજુ કહેવામાં આવે કે સારું થોડું પ્રવાહી પોષણ લેતા રહેજો. શું પ્રવાહી એટલે? દૂધ, ચાહ, કૉફી વગેરે. આ બધું લેવાનું કહે એનું પરિણામ? ઉપરોક્ત રોગોને ત્યાં સારી રીતે વિશ્રામ મળી શકે! દૂધ તો ભારે ગણ્યું છે. એમ [illegible] અમદાવાદનાં અનુભવી વૈદ કહેતા હતા. મંદ હોજરીમાં એ શું લાભ કરે? ઉલટું નુકશાન કરે! રોગ લાંબા ચાલે. આથી સામે આયંબિલ તપસ્યા રોગનાશનું અજબ કામ કરે છે.

[illegible] અનુભવ :- આવો એક અનુભવ મને [illegible] આજ વર્ષો [illegible] પૂરી [illegible] [illegible] [illegible] [illegible] હતી

નાંખી ૮૧ સુધી પહોંચ્યા છે. એમના પર વર્ધમાન ઓળી-ઓની આરાધનાએ એવો જાદુ કરી દીધો છે કે પ્રતિદિન એમનામાં પ્રૌઢતા અને ગંભીરતા ખીલી છે. એમને શાંત રસમાં ઝીલતા કરી દીધા છે. એમાં વળી મોટી મોટી ઓળીઓમાં તો એ (ભર ઉનાળામાં પણ) ઠામચોવિહાર કરતા થઈ ગયા! છતાં બીજી બાજુ એમની પ્રકૃતિ બહુ શાન્ત અને સમતાભાવવાળી બનતી રહી છે. પાછા આખો દિવસ સ્વાધ્યાયમાં તલ્લીન. હવે એમને બીજી વાર સોમાં ૧૯ ઓળી બાકી છે.

ધર્મપ્રચારકતા :- વર્ધમાન આંબેલથી સંયમની પગાર અને સેવાવૃત્તિ તથા ધર્મ પ્રચારકતા અજબ વધે છે. આ માટે વર્તમાનમાં સો ઓળી પૂરી કરી ચૂકેલા પ. પૂ. પંન્યાસજી શ્રી કાન્તિવિજયજી મહારાજ આબેહુબ દૃષ્ટાન્ત છે. ગૃહસ્થાવાસમાં ક્યાં એમનું સુખચેન ભર્યું જીવન! અને ક્યાં સાધુપણામાં વર્ધમાન તપના પ્રતાપે સંયમજીવનને શુદ્ધ શુદ્ધતર રાખવાની ચીવટ! સાથે એટલી જ સેવાવૃત્તિ! ઉપરાંત અખંડ સ્વાધ્યાય તો ખરો જ! ત્યારે ચોમાસું એમણે ખંભાતમાં કર્યું. ત્યાં શ્રાવક સંઘમાં ચાર મહિનામાં ફક્ત પાંચસો તદ્દન નવા વર્ધમાન તપના પાયા નખાયા, કેટલા? ૫૦૦. ખંભાત જેવડું વળી ધર્મક્ષેત્ર! ત્યાં તો કેટલાયને વર્ધમાનતપ મંડાઈ ચૂક્યા હોય; છતાં આટલા નવા આરાધકો!

વર્ધમાન તપનો મહિમા જોર છે; પણ આરાધ્યા જોઈએ. બહિર્ભાવ મન તો ઝાંખુ પડે એવું છે. એક અનુભવ લખું, મેં વર્ધમાન તપનો પાયો નાખ્યો પછી ધીમે ધીમે ૧૧ મી ઓળી સુધી ક્રમ પહોંચ્યું, પછી અટકી ગયું હતું. એ પછી મનને એમ થતું કે,— આગળ વધવું

વર્ધમાનતા :– ઉત્તર સ્પષ્ટ છે. (૧) ઓળીઓ વર્ધતી જવાથી એના પર મમત્વ જાગે છે, જલદી આગળ વધવા મન ઉલ્લસે છે, તેથી હવે લાંબી ઓળીઓ આવવા છતાં પારણાંની ગણત્રીને બદલે નવી નવી ઓળીઓની ગણત્રી અને મેળ જોવાય છે. જો કે વચમાં વચમાં પારણા થાય છે ખરા, પણ લક્ષ એ રહે છે કે આખા વરસમાં આટલા આંકડે પહોંચી જવું, અને આ રીતે ઓળીઓ લેવી. ઓળીઓની વૃદ્ધિનું લક્ષ્ય બંધાઈ જાય છે, એ વર્ધમાન તપનો પ્રભાવ છે, ત્યારે વિચારો કે ક્યાં રસકસ ખાવાના લક્ષમાં કર્મથી ભારે થવાની સ્થિતિ! અને ક્યાં નીરસ આહારની સાથે મનના મેળ જામવાથી નીપજતી અપૂર્વ કર્મ નિર્જરાની સ્થિતિ! એટલું ધ્યાનમાં રહે કે <u>લુખ્ખા અને ફિક્કા ધાન્ય ભોજન</u> સાથે મેળ થવામાં મુખ્ય કારણ 'વર્ધમાનતા' છે. તપ વર્ધમાન હોવાથી ઉત્કંઠા વધે છે ને ભાવના જાગે છે કે આગળ આગળ ઓળી વધારું તેમ શરૂ કરેલી ઓળી પૂર્ણ કરું. વચમાં તાવ જેવું આવે, અશક્તિ લાગે તોય વર્ધમાન ઓળી પૂરી કરવાની લાલચે આયંબિલ મૂકી દેવાનું મન નથી થતું. ખરેખરો રોગ શમી જાય છે.

વર્ધમાન તપથી અરિહંત પરમાત્મા પ્રત્યે પણ ભક્તિભાવ ખૂબ વધે છે. એથી અનેક કુવિકલ્પો મટી જાય છે. તો પછી વર્તમાન ભયંકર કાળમાં ઉપસ્થિત થતી અસમાધિમાં સડવાને બદલે અને બીજાત્રીજા વિકલ્પો વગેરે કરવાને બદલે શ્રી અરિહંતદેવની ભરપૂર ભક્તિ, ગુરુસેવા અને વર્ધમાન આયંબિલ તપ પર શા માટે ન લાગી જવું?

આત્મ શુદ્ધિ-ઉન્નતિ :– ભૌતિક ઉન્નતિની કંઈ કિંમત નથી. ખરી કિંમત આત્મશુદ્ધિ અને આત્મઉન્નતિની

છે, એ જો એવા ઉકળાટને મૂકી તપ, જ્ઞાન અને ધ્યાનમાં
લીન થઈ શાંત પડે તો, ગ્લાસમાં શાંત પડેલા પાણીનો
કચરો શમી જવાની જેમ, આત્માનો કચરો પણ શમી
જાય છે. તીર્થંકર ભગવાન જેવા પણ જે તપ કરતા હતા તે
તપને આત્મશુદ્ધિનું અટલ સાધન સમજીને, તપ વિના
આત્મા શાંત અને શુદ્ધ શીઘ્ર નહિ બની શકે, તપમાં
અચિંત્ય શક્તિ છે." વગેરે તત્ત્વમાં એમણે પોતાની દૃઢ
શ્રદ્ધા વ્યક્ત કરી, તે પરથી મને પણ નિર્ધાર થયો કે, –
ગમે તેમ થાય હવે વર્ધમાન તપની ઓળીઓમાં ઝુકાવવું.

ઉલ્લાસવૃદ્ધિ :– તે પછી ચોમાસું આવ્યું; અને
અગિયારમી ઓળીથી શરૂઆત કરી દીધી. અલબત્ત આ પ્રારંભની
ઓળીઓમાં કબજીયાત પણ રહેતી, તેમ ઓળીના પાછલા
દિવસોમાં ગણત્રી રહેતી કે, – હવે પારણાને આટલા દિવસ
રહ્યા, હવે આટલાજ બાકી રહ્યા, તપ પૂરો થાય ઉતાવળ
સાથે પારણું કરવાનીય રૂચિ રહેતી તેમ કેટલાક દિવસ નવી
ઓળી શરૂ ન કરવાનું પણ આગળથી મન રહેતું. પરંતુ
વર્ધમાન તપ અને ગુરુકૃપાનો પ્રભાવ જોયો કે, – ચારેક
દિવસમાં તો પાછું મન ઓળી પર લાગી જતું. પછી તો
ઓળીઓમાં આગળ વધતાં એ સ્થિતિ અનુભવી કે પારણા
આદિના દિવસોની ગણત્રીને બદલે બીજી ઓળી સાથે લઈએ
તો કેવો મજા આવે, એવી ગણત્રીમાં મન રહેવા લાગ્યું.
સ્વાધ્યાય માટે તો ભરપૂર સમય મળ્યા કરે. સાથે કબજીયાત
તો ક્યારની ચાલી ગઈ છે– આયંબિલના લૂખા ભોજન
પર સહાયેલું પેટ કલાક નીકળી ગયું.

અનાજના છોડા (લૂખું અને રસકસ વિનાનું) ખાય છે, તે ખરી રીતે આરાધનાનો સંયમનો માલ ચાખે છે, આહારના સ્વાદિલાપણાની પશુજીવનની આદતોને તોડવા માટે વર્ધમાન આયંબિલ તપ એક મહાન શસ્ત્ર છે.

લાભોનો થોક :– પ્રાંતે ટૂંકમાં જોઇએ તો વર્ધમાન તપથી (૧) આત્મા સુવર્ણની જેમ કચરો સાફ થવાથી શુદ્ધ બને છે. (૨) નરકાદિની અપેક્ષાએ અનંતમાં ભાગનું મામુલી કષ્ટ પણ સહર્ષ વેઠી લેવાથી મહાન કર્મક્ષય સધાય છે, માત્ર એક આયંબિલમાંય શાસ્ત્ર **૧૦૦૦ કરોડ વરસ** નરકના ત્રાસદાયી પાપો નાશ પામવાનું કહે છે, તો અનેકમાં શું પૂછવું ? (૩) અરિહંતદેવ અને એમના શાસન પર શ્રદ્ધા, પ્રેમ અને આદર સારા વધે છે. (૪) બીજા રસકસ ખાવાની સગવડ છતાં આ તપ રાજીખુશીથી કરવાથી આત્માનું ઓજસ વધે છે! અને મહાન સત્ત્વ ખીલે છે! (૫) રસકસ જતા કરવાથી થતા ભાવી દુઃખોથી બચાવ મળે છે! (૬) શરીરમાં વિકારો શાંત પડી જઈ મનોરમ શુભ ભાવનાઓ અંતરમાં ઉછાળા મારે છે! (૭) કાયા પરનું ય મમત્વ ઘટે છે, તેથી અનેક વિકારો અને દુર્ગુણોનું પોષણ મોળું પડે છે! (૮) રસ અને આહાર પર કાબુ આવવાથી માણસ મહાવિવેકી બને છે! (૯) આયંબિલ મહામંગળકારી હોવાથી અનેક વિઘ્નો ટળી સંપદાઓ આવી મળે છે! (૧૦) આર્થિક ખર્ચ પણ ઘટે છે! (૧૧) પ્રભુભક્તિ વધે છે, તેમ ધર્મકાર્યમાં ખર્ચવાની વધારે ઉદારતા ય રહે છે. આવા કોઇ લાભોના થોક વર્ધમાન તપથી મળે છે. માટે શ્રી સંઘ એમાં પુરુષાર્થ ફોરવે એજ એક શુભેચ્છા.

—સંપૂર્ણ

છે. તે વર્ધમાન આયંબિલ તપથી અજબ કોટિની સહાય
આ તપના પ્રભાવે પૂર્વે શ્રી ચંદ્રકેવળી મહર્ષિ, જગચ્ચં
સૂરીશ્વરજી મહારાજ કે જેમણે બાર વરસ આયંબિલ ક
હતા અને સાથે દિગંબર સાથે તેત્રીસ વાદ જીત્યા હ
અને એ તપથી જ ચિતોડના રાણાએ એમને 'તપા' બિ
આપ્યું, અને ત્યારથી શ્રી સંઘનું 'તપાગચ્છ' એ
નવું નામ પ્રસિદ્ધ થયું. એ વગેરે મહાપુરૂષો અનેક
ગયા. આજે પણ ચતુર્વિધ સંઘમાં અનેક પુણ્ય પુરુ
વિદ્યમાન છે, જેમણે વર્ધમાન તપથી અદ્ભુત આરોગ્ય
હાંસલ કરી છે.

એ ભૂલવા જેવું નથી કે અનેકાનેક ગુણો અ
લાભોની ખાણ સમા આ વર્ધમાન આયંબિલ તપની પ્રવ
શ્રી જૈન શાસનમાં જ મળે છે. જેમ યોગીઓના યુગમાં
વિશિષ્ટ યોગસાધના મળે, એવી રીતે અનંત ઉપકારક
અરિહંત પ્રભુના શાસનમાં જ આ વિશિષ્ટ આરાધના મળ
થાય છે, તો એની દુર્લભતા અને સાથે મહાલાભકારિ
સમજી, જીવનમાં અનંત પુણ્ય ખર્ચી મેળવેલી તન-મન
શક્તિ આ તપમાં લગાડી દેવી જોઈએ. જીવ લાલચીએ
મીઠું મીઠું ખાવાની લાલચમાં કે મોટી સાંસારિક પ્રવૃત્તિ
માં આ તપ ચૂકે છે. તે એક મહાન કમનસીબી છે. ખ
એટલું સમજી રાખવું ઘટે કે રસાળ આહારના ભોગમાં કાં
માલ નથી, અને જીવ એવા ભોગવતાં-ભોગવતાં પોતે જ
ભોગવવાની પરિસ્થિતિમાં મુકાઈ જાય છે. કહો તો ખરા કે
સારું સારું ખાધું-પીધું એ કોના ખરચીના પુણ્ય મેળવે
જમે ક્યું છે ?

અનાદિના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, તે ખાસી રીતે આત્માનો સંયમનો માર્ગ [illegible] છે, આહારના રસાદિ ગુણોની ગુલામીની આદતોને તોડવા માટે વર્ધમાન આયંબિલ તપ એક મહાન શસ્ત્ર છે.

લાભોનો થોક: આમ ટૂંકમાં જોઈએ તો વર્ધમાન તપથી (૧) આત્મા સુવર્ણની જેમ જલદી સારુ તપાવી શુદ્ધ બને છે. (૨) નરકાદિની અપેક્ષાએ અનંતમાં ભાગનું માત્ર કષ્ટ પણ સહર્ષ વેઠી હોવાથી મહાન કર્મક્ષય થાય છે, માત્ર એક આયંબિલમાંય શાસ્ત્ર ૧,૦૦૦ ક્રોડ વરસ નરકના ત્રાસદાયી પાપો નાશ પામવાનું કહે છે, તો અનેકમાં શું પૂછવું? (૩) અરિહંતદેવ અને એમના શાસન પર શ્રદ્ધા, પ્રેમ અને આદર સારા વધે છે. (૪) બીજા રસકસ ખાવાની સગવડ છતાં આ તપ રાજીખુશીથી કરવાથી આત્માનું ઓજસ વધે છે! અને મહાન સત્ત્વ ખીલે છે! (૫) રસકસ જતા કરવાથી થતા ભાવી દુઃખોથી બચાવ મળે છે! (૬) શરીરમાં વિકારો શાંત પડી જઈ મનોરમ શુભ ભાવનાઓ અંતરમાં ઉછાળા મારે છે! (૭) કાયા પરનું ય મમત્વ ઘટે છે, તેથી અનેક વિકારો અને દુર્ગુણોનું પોષણ મોળું પડે છે! (૮) રસ અને આહાર પર કાબુ આવવાથી માણસ મહાવિવેકી બને છે! (૯) આયંબિલ મહામંગળકારી હોવાથી અનેક વિઘ્નો ટળી સંપદાઓ આવી મળે છે! (૧૦) આર્થિક ખર્ચ પણ ઘટે છે! (૧૧) પ્રભુભક્તિ વધે છે, તેમ ધર્મકાર્યમાં ખર્ચવાની વધારે ઉદારતા ય રહે છે. આવા કોઇ લાભોના થોક વર્ધમાન તપથી મળે છે. માટે શ્રી સંઘ એમાં પુરુષાર્થ ફોરવે એજ એક શુભેચ્છા.

—સંપૂર્ણ

૪. મૃત્યુનો મૃત્યુઘંટ : સમ્યક્તપ

લેખક :
પૂ. પં. શ્રી
રવિવિજયજી ગણિવર

આત્મામાં જેમ સર્વજ્ઞતા સ્વભાવ રહેલો છે તેમ અણાહાર સ્વભાવ પણ રહેલો છે. અર્થાત કોઇપણ જાતના આહાર વગર અનન્ત કાળ સુધી જીવવાનો સ્વભાવ તે અણહાર સ્વભાવ છે. તે સ્વભાવ પણ કર્મ સંયુકત આત્મા હોવાના પ્રભાવે દબાઇ ગયો છે. ત્યાં સુધી દબાઈ ગયેલ આ સ્વભાવ પ્રગટ ન થાય ત્યાં સુધી આત્મા કદાપિ સર્વ દુઃખોથી મુકત થઈ શકતો નથી. સર્વ દુઃખોથી મુકત થયા વગર સંપૂર્ણ સુખનો ભોકતા પણ આત્મા બની શકતો નથી. આત્માના આ અણાહારી સ્વભાવના પ્રગટીકરણ માટે અનેક ઉપાયો હોય છતા તે સર્વ ઉપાયોમાં સર્વોત્કૃષ્ટ ઉપાય સમ્યક્ તપ છે.

જીવોને મોટામાં મોટું દુઃખ જન્મ–મરણનું છે. બીજા દુઃખો જન્મ મરણના દુઃખોની પછવાડે સંકળાયેલા છે. જીવને જન્મવાનું ન હોય તો તેને રોગ–શોક, ઇષ્ટ [illegible] અનિષ્ટ સંયોગ, વૃદ્ધત્વ, દારિદ્રય આદિ કોઇ દુઃખોને [illegible]વવા ન પડત. જન્મ થયો માટે રોગાદિ દુઃખો ભોગવવા [illegible] છે અને તે બધાને ટપી જાય એવું મરણનું પણ ભયંકર [illegible]ખ ભોગવવું પડે છે એટલે કે સર્વ દુઃખોમાં કારણ જન્મ [illegible]ન્મમાં કારણ કર્મ છે. કર્મમાં કારણ મોહ છે મોહમાં [illegible] વિષય અને કષાયો સુખ આપનારા છે એવી બુદ્ધિ [illegible] અનુકૂળ વિષય કષાયો ઉપર રાગ છે. આ રાગથીજ જીવ હિંસા, જૂઠ, ચોરી સંગ્રહખોરી, વિશ્વાસઘાત, ચાડી–ચુગલી, ઇર્ષ્યા, કાળાબજારી આદિ અનેક પ્રકારના પાપો કરે છે. તે પાપો કર્યા પછી સફળ થયા બાદ તે સફળતામાં

[illegible] પરનિન્દાઓમાં [illegible] છે. [illegible] કુસંસ્કારો આત્મામાં પડે છે અને તે સંસ્કારોથી [illegible] નિકાચિત પાપો બાંધે છે અને દુઃખની પરંપરા ઊભી કરે છે.

આ રીતે [illegible] દુઃખ પરંપરાનું મૂળ કારણ અનાદિના વિષયો અને કષાયો રૂપ [illegible] છે [illegible] તે વિષયકષાયમાં થતો રાગ છે. અને જો દુઃખની પરંપરાથી મુક્ત થવું હોય તો આ વિષયકષાયના રાગના નાશ માટે કે તેના જોરના નાશ માટે જીવે અવશ્ય પ્રયત્ન કરવો જ જોઈએ. તે પ્રયત્નો અનેક પ્રકારના કરવાનું જ્ઞાનીઓએ બતાવ્યું છે. તેમાં સર્વશ્રેષ્ઠ પ્રયત્ન સમ્યક્ તપ છે. આ વાતને કહેનાર જિનેશ્વર દેવો છે. જ્યારે જિનેશ્વર દેવોએ આ વાત કરી ત્યારે તેઓ રાગ દ્વેષ અને અજ્ઞાનથી સર્વથા પર હતા એટલું જ નહિ પણ સંપૂર્ણજ્ઞાને કરીને સહિત હતા. આ વાતને કહેતી વખતે પણ શ્રી જિનેશ્વર દેવોનો ઇરાદો "કોઇપણ રીતે આ વાતને સમજી જીવનમાં આચરી સર્વ દુઃખથી મુક્ત થઈ સંપૂર્ણ સુખને ભોગવનારા થાય" તે હતો. જે પુન્યાત્માઓએ શ્રી જિનેશ્વરદેવોની આ વાતને ઝીલી તેઓ સર્વદુઃખથી મુક્ત થઇ સંપૂર્ણ સુખના ભાગી થયા. આપણે જો દુઃખોથી મુક્ત થવું હોય અને સંપૂર્ણ સુખના ભાગી બનવું હોય તો આ વાતને ઝીલવી જ પડશે.

બાહ્ય–અભ્યંતર સ્વરૂપ સમ્યગ્ તપ અનેક પ્રકારનો છે. એ તપનો મહિમા પ્રભાવ અને ફળો અનેક પ્રકારના છે. તેનું વર્ણન શાસ્ત્રોમાં ખૂબ વિસ્તારથી કર્યું છે.

મરણનું મરણ કરનાર તપ છે. ઘડપણનો નાશ તપ કરે. જગતમાં કોઇ એક પણ સારી ચીજ નથી કે જે

૪. મૃત્યુનો મૃત્યુઘંટ : સમ્યક્તપ

લેખક :
પૂ. પં. શ્રી
રવિવિજયજી ગણિવર

આત્મામાં જેમ સર્વજ્ઞતા સ્વભાવ રહેલો છે તેમ અણાહાર સ્વભાવ પણ રહેલો છે અર્થાત્ કોઈપણ જાતના આહાર વગર અનન્ત કાળ સુધી રહેવાનો સ્વભાવ તે અણાહાર સ્વભાવ છે. તે સ્વભાવ પણ કર્મ સંયુક્ત આત્મા હોવાના પ્રભાવે દબાઈ ગયો છે. જ્યાં સુધી દબાઈ ગયેલ આ સ્વભાવ પ્રગટ ન થાય ત્યાં સુધી આત્મા કદાપિ સર્વ દુઃખોથી મુક્ત થઈ શકતો નથી. સર્વ દુઃખોથી મુક્ત થયા વગર સંપૂર્ણ સુખનો ભોક્તા પણ આત્મા બની શકતો નથી. આત્માના આ અણાહારી સ્વભાવના પ્રગટીકરણ માટે અનેક ઉપાયો હોવા છતાં તે સર્વ ઉપાયોમાં સર્વોત્કૃષ્ટ ઉપાય સમ્યક્ તપ છે.

જીવોને મોટામાં મોટું દુઃખ જન્મ-મરણનું છે. બીજા બધા દુઃખો જન્મ મરણના દુઃખોની પાછળ સંકળાયેલા છે. જો જીવને જન્મવાનું ન હોત તો તેને રોગ-શોક, ઈષ્ટ વિયોગ અનિષ્ટ સંયોગ, ગરીબાઈ, દારિદ્ર્ય આદિ કોઈ દુઃખોને ભોગવવા ન પડત. જન્મ થયો માટે રોગાદિ દુઃખો ભોગવવા પડે છે અને તે બધાને છેલ્લે લાગુ પડેલું મરણનું પણ ભયંકર દુઃખ ભોગવવું પડે છે એટલે કે સર્વ દુઃખોમાં કારણ જન્મ છે. જન્મમાં કારણ કર્મ છે. કર્મમાં કારણ મોહ છે. મોહમાં કારણ વિષય અને કષાયો રૂપ આશ્રવો છે. જેથી બુદ્ધિ સાચાથી પ્રતિકૂળ વિષય કષાય તરફ રાગ છે. આ પાપાશ્રવ [illegible] હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, [illegible], ક્રોધ-[illegible], ઈર્ષ્યા, આસક્તિ આદિ અનેક પ્રકારના પાપો કરે છે. તે પાપો કરી અહીં [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
તેનો નાશ [illegible] ઔષધોથી થાય છે. પણ પરિશ્રમ લેવાથી [illegible] શરીરમાં તાવ આવ્યો હોય તો તેનો નાશ આરામ લેવાથી થાય છે. અતિશય ખાવાથી કે મિષ્ટાન્ન ખાવાથી કે મીઠી [illegible] રોગ થયો હોય તો તેનો નાશ કરવા ઔષધો લેવાથી થાય છે એજ રીતે મનાદિની મૂર્છા કરી તે મૂર્છાને પોષવા કરેલા હિંસાદિ પાપોથી થયેલ પાપ-બંધનોનો નાશ હિંસાદિ પાપોનો ત્યાગ કરી મનાદિની મૂર્છા મારવા માટે કરેલા જ્ઞાનમાર્ગથી થાય છે અથવા રસપૂર્વક ખાઉ ખાઉને બાંધેલા પાપોનો નાશ રસપૂર્વક કરેલ તપથી થાય છે અથવા આનંદપૂર્વક કરેલ વિષયોના ભોગવટાથી બંધાયેલા પાપોનો નાશ આનંદપૂર્વક પાળેલ બ્રહ્મચર્યથી થાય છે. જીવે આ સંસારમાં દરેરે દરેક ભવમાં ખાઉ ખાઉનો જ ધંધો કર્યો છે. વાતો વિચારો અને વર્તન પણ તેનું ખુબ ટેસ્ટપૂર્વક જ કર્યું છે. તેનાથી ખાવાના સંસ્કારોને તથા તજ્જન્ય પાપોને ખુબ આત્મામાં ભરી દીધા છે. ખાવાના ખૂબ બળવાન સંસ્કારો તથા બાંધેલા પાપોના બળના પ્રતાપે જ જીવમાં તપ કરવાનો ઝટ ઉત્સાહ કે ઉલ્લાસ જાગતો નથી. આથી તપરૂપ મદદગાર વસ્તુનો આશ્રય લેવાતો નથી અને આત્મિક દૃષ્ટિએ નાશક અને આત્મલક્ષ્મીના ચોર આહારનું અતિસ્વાદપૂર્વક ભક્ષણ ચાલુ છે આથી જ સુખની ભારોભાર ઇચ્છા હોવા છતાં સુખી થતો

તપના પ્રભાવે ન મળે. કોઈપણ આત્મા તપ કર્યા સિવાય મુક્તિમાં ગયો નથી. જતો નથી અને જશે પણ નહિ. વાસુદેવપણું-બળદેવપણું-ચક્રવર્તિપણું કે તીર્થંકરપણું પણ તપના પ્રભાવથી જ મળે છે. નિકાચિત પાપોનો નાશ કરવાની તથા અપૂર્વ પુન્ય બંધાવાની તાકાત તપમાં છે કોઈપણ જીવને ગમે ત્યારે સમ્યક્તપનો આશ્રય કર્યા વગર છૂટકો નથી. દરેક આત્માદિ અતિન્દ્રિય પદાર્થો માનનાર આસ્તિક ધર્મવાળાઓએ પણ તપને ઘણું ઘણું મહત્ત્વ આપ્યું છે. એમના ધર્મગ્રંથોમાં પણ તપનું મહાનફલ લખ્યું છે અને ભોગવનારા અનેક જીવોના કથાનકો પણ એમને ત્યાં આલેખાયેલાં છે.

સનત્કુમાર વિષ્ણુકુમાર અને વાલીમુનિ આદિ મહાપુરૂષોએ તપના પ્રભાવે અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત કરી હતી; ચિલાતીપુત્ર અને દૃઢપ્રહારી તથા તેમના જેવા ક્રૂર અને ભયંકર પાપોને આચરનારાઓએ તે પાપો આચરી, આચરેલ ભયંકર પાપોનો નાશ પણ તપને જીવનમાં ઓતપ્રોત બનાવીને કર્યો છે.

જ્યાં સુધી જીવ ચરમાવર્તમાં આવતો નથી ત્યાં સુધી જીવમાં સમ્યક્તપ આવતો નથી. સમ્યક્તપ વગર પુન્યાનુબંધી પુન્યનો લાભ થતો નથી. પુન્યાનુબંધી પુન્ય સિવાય મળેલ ઉત્તમ પૌદ્ગલિક સામગ્રીનો સદુપયોગ થતો નથી. સામગ્રીના સદુપયોગ વિના ઉત્તરોત્તર પુન્યવૃદ્ધિ, કર્મનાશ અને ગુણવૃદ્ધિ થતી નથી. ઉત્તરોત્તર પુન્યવૃદ્ધિ-કર્મનાશ અને ગુણવૃદ્ધિ સિવાય જીવ મુક્તિની નિકટ પહોંચતો નથી. આ રીતે મુક્તિની નિકટ પહોંચવા માટે મુમુક્ષુ તરીકે સમ્યક્તપ જીવનમાં પરમ આવશ્યક છે.

[illegible] કરવો જરૂરી થઈ જાય છે. આ રીતે ઉત્તરોત્તર વિકાસ થતાં આપણાં આત્મગુણોનો સંપૂર્ણ વિકાસ, સર્વ પાપપુંજનો નાશ અને અનંત સુખના સ્થાન સ્વરૂપ મુક્તિની પ્રાપ્તિ થાય છે.

જે જીવો નિગ્રંથોના આજ્ઞાભક્તિમાં તલ્લીન છે તે જીવો દુશ્મનના ઘરમાં રહેતાં છે અને જે જીવો આનંદિત વર્ધમાન તપમાં રહેલા છે તે જીવો મિત્રના ઘરમાં રહેલા છે.

—સંપૂર્ણ—

નથી અને દુઃખની કલ્પનાથી પણ ભાગી છૂટવાની ઇચ્છાવાળો હોવા છતાં દુઃખ તેનો પીછો છોડતું નથી. જો દુઃખોથી સર્વથા છૂટવું હોય અને સુખના જ ભાગીદાર બનવું હોય તો ટેસ્ટપૂર્વક ખાવાની કુટેવને દેશવટો આપી ટેસ્ટપૂર્વક તપ કરવાની ટેવનો આરંભ કરો, એ જ સાચો અને સરલ ઉપાય છે.

જેને બચવાની ઇચ્છા હોય તેણે તે આહાર સંજ્ઞાનો ઉચ્છેદ કરવા માટે કે તોડી પાડવા માટે તપ કર્યા સિવાય છૂટકો છે જ નહિ.

અનશન તપમાં એક ઉપવાસથી માંડીને છ મહિના સુધી ઉપવાસ આવે છે આ અનશન તપ મહાન છે છતાં તે છ મહિનાથી અધિક કરી શકાતો જ નથી એવા મોટા તપમાં સમાધિ રાખવી પણ ઘણી દુષ્કર બની જાય છે. વર્તમાનકાળનું છેવટ્ઠુ સંઘયણ પણ તે મોટા તપ કરવામાં મદદગાર થતું નથી. વર્ધમાન તપ એવો મહાન તપ છે કે જ્યાંસુધી જીવ તે તપને ઉત્સાહપૂર્વક આગળ આગળ કરવા માગે ત્યાં સુધી આગળ આગળ કરી શકે છે વર્તમાનકાલમાં પણ નવ વર્ષ સુધી લાગટ વર્ધમાન તપ કરનારા પૂજ્યાત્માઓ વિદ્યમાન છે. લાગટ પાંચસો આયંબિલ કરનારા તો વર્તમાનમાં કેટલાએ પુણ્યાત્માઓ છે. આ તપમાં વિશેષતા એ છે કે શરીરને ચાલતું રાખવા માટે અને શરીર દ્વારા આતમ તત્ત્વ પ્રગટ કરવા માટે શરીરને ખાવા રૂપ ભાડું દેવું પડે છતાં આયંબિલના આહારના પ્રતાપે સર્વ ઇન્દ્રિયોમાં વિકાર જાગે નહિ. ઉન્માદ પેદા થાય નહિ, જેમ જેમ આયંબિલોનો તપ વધતો જાય તેમ તેમ અંદર ખુમ

પણ તપ અગ્નિની જેમ તમામને ભસ્મીભૂત કરી નાંખે છે. માટે મહાપુરુષોએ તત્ત્વથી જ્ઞાનને જ તપ તરીકે ઓળખાવ્યું છે. એ જ કારણથી અભ્યંતર તપને મુખ્ય માનવામાં આવે છે. અને અનશનાદિ બાહ્ય તપ પણ અભ્યંતર તપને પુષ્ટ બનાવનાર છે. તેથી તેનું પણ યથાશક્તિ પાલન અવશ્ય કરવું જોઇએ.

બાહ્ય તપના આચરણ વિના અભ્યંતર તપમાં સ્થિરતા આવતી નથી. માટે જ શ્રી તીર્થંકર પરમાત્મા પણ નિર્મળ અવધિજ્ઞાન દ્વારા એજ ભવમાં મુક્તિ થશે એમ જાણવા છતાં પણ બાહ્ય તપનું આચરણ અત્યંત આદરપૂર્વક કરે છે. આથી પણ અનશનાદિ તપનું અત્યંત મહત્વ સાબિત થાય છે.

તપ એ શ્રમણજીવનનો પ્રાણ છે :-

'શ્રમણ' શબ્દનો ભાવાર્થ શ્રી નંદીસૂત્રની ટીકામાં બતાવતાં શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ તપનું મહાત્મ્ય વર્ણવે છે કે :-

'श्राम्यंतीति-(तपस्यतीति श्रमणः)' જે તપ કરે છે તે શ્રમણ છે.

प्रव्रज्यादिदिवसादारभ्य सकलसावद्ययोगविरतो गुरुपदेशादनशनादि यथाशक्ति आप्राणोपरमात् तपश्चरतीति श्रमणः શ્રી ભાગવતી દીક્ષા ગ્રહણના દિવસથી સકલ પાપ વ્યાપારથી વિરામ પામેલા સદ્‌ગુરૂઓના ઉપદેશથી યથાશક્તિ અનશનાદિ તપ, યાવજ્જીવ (જીવનપર્યંત) સુધી કરે છે. તે શ્રમણ કહેવાય છે.

આગમમાં અન્ય સ્થળે પણ એજ હકીકત વર્ણવી છે કે:-

यः समः सर्वभूतेषु स्थावरेषु त्रसेषु च ।
तपश्चरति शुद्धात्मा श्रमणोऽसौ प्रकिर्तितः ॥

પ. ભદ્રંકર લેખક :

તપોધર્મ

પૂજ્ય પં. શ્રી કલાપૂર્ણવિજયજી ગણી.

અનંત ઉપકારી અરિહંત પરમાત્માએ સર્વ જીવોના કલ્યાણ માટે જ ધર્મનું શુદ્ધસ્વરૂપ બતાવ્યું છે, તેમાં પણ સર્વ ત્યાગમય શ્રમણધર્મની જ પ્રધાનતા બતાવી છે.

અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ જ ઉત્કૃષ્ટ મંગલ છે. આવો ધર્મ સમગ્ર વિશ્વનું કલ્યાણ-મંગલ કરે છે, અને તે ધર્મનું સંપૂર્ણતયા પાલન સાધુ-મહાત્માઓ જ કરી શકે છે.

અહિંસા અને સંયમના પાલન સાથે જ્યારે 'તપ' ની વિરાટ શક્તિ ભળે છે ત્યારે જ કર્મોનો સર્વથા ક્ષય થાય છે.

બાહ્ય કે અભ્યંતર તપના આચરણ વિના કોઈપણ જીવ મુક્તિ મેળવી શકતો નથી. માટે જ ધર્મના પ્રત્યેક અનુષ્ઠાનોમાં તપને પ્રધાનતા આપવામાં આવી છે, 'ઇચ્છા નિરોધ' એ તપનું લક્ષણ છે અશુભ પ્રવૃત્તિ કે દુષ્ટ ઇચ્છાના અવરોધ વિના કોઈપણ પ્રકારનો ધર્મ આચરી શકાતો નથી પછી ભલે દાન હોય કે શીલ, અહિંસા હોય કે સંયમ, બધો તે ધર્મ શુભ ભાવ વિના નિષ્ફળ જાય છે. અને શુભ ભાવ અશુદ્ધ વૃત્તિઓના નિરોધ વિના ઉત્પન્ન થવો શક્ય નથી. અશુભ વૃત્તિઓનો કે અપ્રશસ્ત ઇચ્છાઓનો નિરોધ પણ તપના સતત અભ્યાસ વિના થઈ શકતો નથી માટે મુમુક્ષુ આત્માએ જીવનમાં અવશ્ય તપનો અભ્યાસ કરવા પ્રયત્નશીલ બનવું.

'યાનમેવ કુત્સા: સાદુ: કર્મણાં તપનાત્ તપ:' કર્મોને તપાવે તે 'તપ' કહેવાય છે. નિકાચિત (નિકાચ-ગાઢ) કર્મોને

તપસ્વી મહાત્મા [illegible] ના તપના મહાપ્રભાવથી તીર્થં-
કરપદ કે ચક્રવર્તી [illegible] સ્વર્ગાદિસુખ, અષ્ટ
મહાસિદ્ધિઓ કે નવનિધિ મળે તેમાં તો નવાઈ જ શી?
અર્થાત્ જગતમાં એવું કોઈ પણ સ્થાન નથી કે કોઈ ઉત્તમ
વસ્તુ નથી કે જે તપના પ્રભાવે ન મળે? અરે વિશેષ શું
કહીએ તપસ્વી મહાત્માઓની મનોકામના પણ તત્કાળ ફળ-
દાયી બને છે. પરંતુ વિવેકી આત્માઓ મુક્તિની મંગલકામના
સિવાય અન્ય બાહ્ય સુખાદિની અભિલાષાથી તપ આચરતા
નથી કારણકે નિરાશંસ ભાવે કરેલો તપ જ સ્વ-પરનું શ્રેય
કરે છે. આ વાત તેમના અંતરમાં કોતરાઈ ગઈ હોય છે

તપ એ ઉત્કૃષ્ટ મંગલ અને યોગાધિરાજ છે:-

સર્વ મંગલોમાં તપ એ સર્વોત્કૃષ્ટ મંગલ છે. આ વાક્ય
સર્વ સિદ્ધાન્તોના સાર રૂપે છે જેમ શ્રી નમસ્કાર મહામંત્ર

જે શુદ્ધાત્મા સર્વ ત્રસ (હાલતા ચાલતાં જીવો) કે સ્થાવર (એકેન્દ્રિયાદિ સ્થીર જીવો) જીવો ઉપર સમભાવ રાખી તપનું આચરણ કરે છે. એજ શ્રમણ કહેવાય છે.

આ રીતે વિચારતાં સમજાશે કે તપ એ જ શ્રમણ જીવનનો પ્રાણ છે. જેમ પ્રાણ વિના જીવન જીવી શકાતું નથી તેમ તપ વિના સંયમજીવન પણ ટકી શકતું નથી.

તપ દ્વારા આત્મીક ગુણોની પ્રાપ્તિ :–

શ્રી નવતત્ત્વ પ્રકરણમાં તપને જીવના લક્ષણ તરીકે ઓળખાવ્યું છે.

"જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય તથા ઉપયોગ એ જીવના લક્ષણ છે." કર્મરૂપ કાષ્ટને બાળવામાં અગ્નિ સમાન હોવાથી "તપ" આત્માના શુદ્ધ સ્વરૂપને શીઘ્ર પ્રગટાવે છે. એ જ હેતુથી નવતત્ત્વમાં તપને "નિર્જરાતત્ત્વ" તરીકે સ્વતંત્ર સ્થાન આપવામાં આવ્યું છે.

"तपसा निर्जराच" —શ્રી તત્વાર્થ સુત્રમાં તપવડે સંવર અને નિર્જરા થાય છે એમ બતાવ્યું છે. એટલે બાહ્ય અને અભ્યંતર તપ એ આવતા કર્મોના ધસારાને અટકાવે છે. અને જુના ભૂતકાળના બાંધેલા નિબિડ કર્મોનો નાશ કરે છે. અક્ષયત્વાદિ ગુણોની પ્રાપ્તિ તેના પ્રતિબંધક કર્મોની નિર્જરાથી જ થાય છે. અને તેના આગળના ગુણસ્થાનકોની પ્રાપ્તિ પણ ધ્યાનાદિ તપ દ્વારા જ થતી હોવાથી આત્માના પ્રત્યેક ગુણને તપ પ્રગટાવી શકે છે. એમ માનવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

સિરિવાલકહામાં નિશ્ચયથી તપની વ્યાખ્યા આ પ્રમાણે બતાવી છે કે :-

" ઇચ્છાનો નિરોધ કરીને સમતાવડે શુદ્ધ સંવરભાવમાં વર્તતો અને કર્મોનો (અંશેઅંશે) ક્ષય કરતો આત્મા જ તપ સ્વરૂપ છે."

'ઇચ્છારોધન સંવરી પરિણિત સમતા યોગે રે,
તપ તે એહિજ આતમા વરતે નિજ ગુણ ભોગે રે.'

પર-પરિણુતિનો ઉચ્છેદ કરી આત્માના ગુણપર્યાયમાં તલ્લીન બનવું એ જ નિશ્ચયથી તપ છે,

'ઇચ્છારોધન તપ નમો, બાહ્ય અભ્યંતર ભેદેજી,
આતમ સત્તા એકતા, પર પરિણુતિ ઉચ્છેદેજી.'

અનશન તપની મહત્તા:- નિશ્ચયનઃ
ઉત્કૃષ્ટતા બતાવી છતાં પણ અનશન તપનું પ્રથ
આહારાદિની પ્રબળ ઇચ્છાઓને નાબૂદ બનાવવા

[illegible]

શુદ્ધ તપનું સ્વરૂપ : શાસ્ત્રોમાં તપનો જે મહિમા અને પ્રકારો બતાવવામાં આવ્યા છે, તો શુદ્ધ તપના સમજવા અને તે તપની શુદ્ધિ ચાર પ્રકારે થાય છે.

(૧) બ્રહ્મચર્ય-જે તપમાં બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન કરવામાં આવે.

(૨) જિનાર્ચા-જે તપમાં શક્તિ પ્રમાણે શ્રી જિનેશ્વર પૂજા-ભક્તિ કરવામાં આવે

(૩) કષાયત્યાગ-જે તપ કરવાથી અનુક્રમે કષાયોની હાની થતી હોય અર્થાત ક્રોધ, માન, માયા કે લોભને વશ થઈ તપનું મહાન ફલ હારી જવું નહિ.

(૪) જિનાજ્ઞા-જે તપનું આચરણ કરવામાં આવે તે શ્રી જિનાજ્ઞા એટલે શાસ્ત્રાનુસારી વિધિપૂર્વક કરવું.

આ રીતે કરેલો તપ 'શુદ્ધ તપ' કહેવાય છે. અને તેથી સકામ નિર્જરા થાય છે. અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

શ્રી વર્ધમાન તપની વિશિષ્ટતા ! અનશન-તપનું ધ્યેય આહાર-સંજ્ઞાને નાબૂદ બનાવવાનું છે. જેથી આત્મા અણાહારીપદ પ્રાપ્ત કરી શકે. શ્રી નવપદની આરાધના જેમ આયંબિલ તપથી થાય છે તેવી રીતે શ્રી વર્ધમાન તપ પણ આયંબીલથી જ થાય છે અને તેની શરૂઆત એક આયંબિલ પછી ઉપવાસ. બે આયંબીલ પછી ઉપવાસ એમ લાગટ અનુક્રમે ત્રણ-ચાર અને પાંચ આયંબીલ પછી ઉપવાસ કરવાથી આ તપનો પાયો નંખાય છે અને

શ્રી વર્ધમાનસ્વામી ભગવાને સાડાબાર વર્ષ સુધી ઘોર તપસાધના કરી કેવલજ્ઞાન પ્રગટાવ્યું હતું, શ્રી ગૌતમસ્વામી ગણધર ભગવંત છઠ્ઠના પારણે છઠ્ઠ કરવાથી અઠ્ઠાવીસ લબ્ધિઓના સ્વામી બન્યા હતા.

શ્રી ધન્ના અણગાર તપના પ્રભાવે જ ચૌદ હજાર મુનિઓમાં સર્વશ્રેષ્ઠ અણગાર બન્યા હતા. ચાર હત્યાના મહાપાપને આચરનારા દૃઢપ્રહારી-અર્જુનમાળી જેવા પણ તપના પ્રભાવે કેવલી બની મોક્ષમાં ગયા.

તપસ્વી મહાત્માઓ તપ દ્વારા સ્વના શ્રેયની સાથે અન્ય જીવો ઉપર પણ મહાન ઉપકાર કરી જૈન શાસનની અનેરી પ્રભાવના કરે છે. માટે જ આઠ પ્રભાવકોમાં તપસ્વી મહાત્માને પણ પાંચમા પ્રભાવક માનવામાં આવ્યા છે.

